ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની મોટાભાગની બેઠકો પર ભાજપની જીત : કોંગ્રેસ અને આપ પાર્ટીને નિરાશાજનક બેઠકો મળી

# દાહોદ જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો

દાહોદ નગરપાલિકા મા છેલ્લા 25 વર્ષ થી ભારતીય જનતા પાર્ટી નો દબદબો





(પ્રતિનિધિ) દાહોદ, તા.28 તા. 26 મી એપ્રિલના રોજ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓના આજે વહેલી સવારથી મતગણતરી બાદ પરિણામો જાહેર થતાં કહી ખુશી કહી ગમ નો માહોલ જોવા મળી રહ્યો હતો. જેમાં સમગ્ર ગુજરાતમાં ભાજપનો દબદબો યથાવત રહેવા પામ્યો હતો. મોટા ભાગની સીટો પરથી ભાજપના ઉમેદવારો વિજયી બન્યા હતા તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવારો કયાંક ઉંધા માથે પછડાયા તો કયાં કોઈક ઉમેદવારે બાજી મારી જયારે બીજી તરફ આપ પાર્ટીને તો ઘણીખરી સીટો પરથીખાતુ ખોલવામાં પણ ફાંફા પડી ગયા હતા. આમ, આજે વહેલી સવારથી સમગ્ર ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો હતો જેમાં દાહોદ જિલ્લો પણ બાકાત રહ્યો ન હતો.

આ વખતે નગર પાલિકા ચૂંટણી મા પ્રથમ વખત નવા ચહેરાઓ ને મેન્ડેડ આપવામાં આવતા જુના જોગીઓ ના મોઢા ઉતારી ગયા હતા પરંતુ ઉપર ગોડ ફધરો ના આદેશ નું માન રાખી ચૂંટણી મા જુના જોગીઓ એ ભારે મહેનત કરી તેમ છતાં મરી મારી 36 બેઠકો માંથી 20 બેઠકો તેમના ફાળે આવી હતી જયારે આ વખતે કોગ્રેસ ના ઉમેદવારો એ પોતાના ઉમેદવારો ની જીતાડવા ભારે મહેનત કરી હતી જેના કારણે કોગ્રેસ પાર્ટી 14 બેઠકો કબ્જે કરી હતી જયારે બે બેઠકો અપક્ષ ના ફાળે ગઈ હતી આ વખતે દાહોદ નગર પાલિકા ચૂંટણી નો સમય પણ બહુ જ ઓછો મળ્યો હતો અમુક ઉમેદવારો પોતાના વૉર્ડ મા મતદારો ને મુલાકાત નો પણ સમય ઓછો મળ્યો હતો આમ દાહોદ નગર પાલિકા ચૂંટણી નુ ચિત્ર આજરોજ સપ્ટ થઈ ગયું હતુ

છેલ્લા 25 વર્ષથી દાહોદ નગર પાલિકા મા એક હતુ શાસન ચાલી રહ્યું હતું કારણ ભારતીય જનતા પાર્ટી ની બહુંમટી રહેતી હતી પ્રથમ વખત દાહોદ નગર પાલિકા મા વિરોધ પક્ષ સામેલ થયો છે જેના કારણે જે મનમાની નગર પાલિકા મા ચાલતી હતી તે આજે હવે પછી નહીં ચલાવી શકે સામે વિરોધ પક્ષ બેસસે જેને લઈ દાહોદ ની જનતા ના પ્રાથમિક પ્રશ્નો નો નિરાકરણ જલ્દી આવી શકશે તેવા એંધાણ જોવાઈ રહ્યા છે દાહોદ નગર પાલિકા મા જીતેલ ઉમેદવારો એ ઢોલ નગારા સાથે વિજય સરઘસ કાઢ્યા હતા ભારત માતા કી જય ના નારા લગાવ્યા હતા જૂની નગર ચોક ખાતે ફટાકડા ફોડી મીઠાઈ ખાઈ વિજય નો આનંદ માણ્યો હતો દાહોદ નગર પાલિકા મા 36 બેઠકો ની ચૂંટણી મા 6 બેઠકો ભારતીય જનતા પાર્ટી એ બીન હરીફ મેળવી હતી જયારે 2 બેઠકો કોગ્રેસ પાર્ટી એ મેળવી હતી બાકી રહેલ નું ચિત્ર આજે સપ્ટ થઈ ગયું હતું

**દાહોદ જિલ્લામાં પરિણામો પર એક નજર**

**દાહોદ જિલ્લા પંચાયત**

| કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | આપ | અપક્ષ |
|---|---|---|---|---|
| 50 | 39 | 07 | 06 | 00 |

**દાહોદ તાલુકા પંચાયત**

| કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | આપ | અપક્ષ |
|---|---|---|---|---|
| 254 | 153 | 43 | 49 | 9 |

**દાહોદ નગરપાલિકા**

| કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | આપ | અપક્ષ |
|---|---|---|---|---|
| 36 | 20 | 14 | 0 | 2 |

શહેરા નગરપાલિકામાં ભાજપનો ડંકો વાગ્યો

## 17 બિનહરીફ સહિત તમામ 28 બેઠકો કબ્જે કરી ભાજપની ઐતિહાસિક જીત



(પ્રતિનિધિ) ગોધરા, તા.28 પંચમહાલ જિલ્લાની શહેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીતનો ડંકો વગાડ્યો. શહેરા નગરપાલિકાના કુલ ૭ વોર્ડની તમામ ૨૮ બેઠકો પર ભાજપે જંગી બહુમતી સાથે ભવ્ય વિજય મેળવીને પાલિકામાં શાનદાર વાપસી કરી છે. સૌથી નોંધનીય બાબત એ છે કે આ ૨૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જ્યારે બાકીની ૧૧ બેઠકો પર યોજાયેલા મતદાનમાં પણ ભાજપના ઉમેદવારોએ પ્રચંડ જીત હાંસલ કરી છે. શહેરામાં વિરોધ પક્ષનો સદંતર સફાયો જોવા મળ્યો છે અને સમગ્ર પાલિકામાં માત્ર કમળ જ ખીલ્યું છે.

ચૂંટણીના આંકડાકીય સમીકરણો પર નજર કરીએ તો, વોર્ડ નંબર ૧, ૫ અને ૭ ની તમામ ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ ઉપરાંત વોર્ડ ૨ ની બે બેઠકો, વોર્ડ ૪ ની બે બેઠકો અને વોર્ડ ૩ ની એક બેઠક પર પણ અગાઉથી જ બિનહરીફ જીત નિશ્ચિત થઈ ગઈ હતી. જ્યારે વોર્ડ ૩, ૪ અને ૬ સહિતની બાકીની ૧૧ બેઠકો માટે યોજાયેલા મતદાનમાં પણ મતદાતાઓએ ભારતીય જનતા પાર્ટી પર જ પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરીને પેનલ ટુ પેનલ જીત અપાવી છે. આવું ઐતિહાસિક અને એકતરફી પરિણામ જાહેર થતા જ શહેરામાં કેસરિયો માહોલ છવાઈ ગયો હતો. વિજેતા ઉમેદવારોને વધાવવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકરો, ટેકેદારો અને નેતાઓ ઉમટી પડ્યા હતા અને ડીજે ઢોલના તાલે તથા ફટાકડા ફોડીને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરા નગરપાલિકાની તમામ ૨૮ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોએ ઐતિહાસિક જીત નોંધાવતા પક્ષની સ્થાનિક નેતાગીરીમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

જીતેલા ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ

## સુખસર તાલુકા પંચાયતની 18માંથી 9 બેઠકો ભાજપે કબ્જે કરી

18માંથી 9 બેઠકો સાથે ભાજપ પ્રથમ સ્થાને, કોંગ્રેસને 5 બેઠકો

(પ્રતિનિધિ) સુખસર, તા.28 સુખસર તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોના અત્યાર સુધી જાહેર થયેલા પરિણામોમાં ભાજપ 9 બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યું છે. કોંગ્રેસે 5 બેઠકો જીતતા પોતાનું રાજકીય સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે આમ આદમી પાર્ટીએ 4 બેઠકો મેળવી તાલુકા સ્તરે નોંધપાત્ર હાજરી નોંધાવી છે. આ પરિણામો દર્શાવે છે કે સુખસર તાલુકા પંચાયતમાં કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી અને આગામી સમયમાં સત્તા રચનાને લઈને રાજકીય સમીકરણો મહત્વપૂર્ણ બની શકે છે. પરિણામ બાદ વિવિધ પક્ષોમાં ચર્ચા અને ગતિશીલતા વધવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.જેમાં પરિણામો જાહેર થતા સુખસર તાલુકા પંચાયત પરિણામઃ સુખસર તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી અત્યાર સુધીના પરિણામ આ મુજબ છે.સ્થિતિ મુજબ બેઠકોનું નીચે મુજબ છેઃ ભાજપઃ 09, કોંગ્રેસઃ 05, આમ આદમી પાર્ટી (AAP): 04 અન્યઃ 00 એમ સમગ્ર મામલે ભાજપનો ભગવો લેહરાયો છે અને જીતેલા ઉમેદવારો અને તેમના સાગરિતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ગોધરા તાલુકા પંચાયત ચૂંટણીમાં ભાજપનો પ્રચંડ વિજય: 32 માંથી 30 બેઠકો કબ્જે કરી

આપ અને અપક્ષે ખોલાવ્યું ખાતું જ્યારે કોંગ્રેસ સદંતર શૂન્ય પર સમેટાઈ



(પ્રતિનિધિ) ગોધરા તા.28 સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો સતત ચોંકાવનારા અને સત્તાધારી પક્ષ માટે ઉત્સાહજનક આવી રહ્યા છે. ગોધરા તાલુકા પંચાયતની કુલ ૩૨ બેઠકો માટે જાહેર થયેલા સત્તાવાર પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ સપાટો બોલાવતા ૩૦ બેઠકો પર જંગી બહુમતી સાથે ભવ્ય વિજય નોંધાવ્યો છે અને ગોધરા તાલુકા પંચાયતમાં પોતાની સત્તા એકહથ્થુ રીતે જાળવી રાખી છે.

બીજી તરફ આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને એક અપક્ષ ઉમેદવારે પણ ખાતું ખોલાવીને નોંધપાત્ર એન્ટ્રી કરી છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ રહી કે રાષ્ટ્રીય પક્ષ કોંગ્રેસ અહીં પણ સદંતર નકારી કાઢવામાં આવી છે અને સમગ્ર ગોધરા તાલુકા પંચાયતની ૩૨ બેઠકોમાંથી કોંગ્રેસનું ખાતું પણ ખુલી શક્યું નથી.

ચૂંટણીના સત્તાવાર આંકડાઓ અને પરિણામોના વિશ્લેષણ પર નજર કરીએ તો, ભાજપના ઉમેદવારોએ શરૂઆતથી જ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. ૩૨ બેઠકોમાંથી ઘાણીત્રા, નદીસર અને રતનપુર (કાંટડી) એમ ત્રણ બેઠકો પર ભાજપના ઉમેદવારો અનુક્રમે પારૂલબેન પરમાર, મહેન્દ્રકુમાર માછી અને ઈન્દુબેન પરમાર અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે બાકીની ૨૯ બેઠકો પર યોજાયેલા મતદાનમાં પણ ૨૭ બેઠકો પર મતદારોએ કમળ પર મહોર લગાવી હતી. મતદાનમાં ભાજપના ઉમેદવારો પૈકી ગોલી બેઠક પર શોભનાબેન રાઠોડે ૩૭૮૦ અને કરસાણા બેઠક પર કેસરબેન પરમારે ૩૬૪૩ જેટલા માતબર મતો મેળવીને જંગી લીડ સાથે વિજય હાંસલ કર્યો છે. આ ઉપરાંત ભામૈયા (પુર્વ), કાંકણપુર, અને ગોલ્લાવ-૧ જેવી બેઠકો પર પણ ભાજપે ત્રણ હજારથી વધુ મતો અંકે કરીને વિપક્ષોને કારમી પછડાટ આપી છે.

તા.પંચાયતની 24માંથી 14 અને જિ.પંચાયતની તમામ 5 બેઠકો પર ભાજપનો વિજય

## ગરબાડામાં તાલુકા પંચાયતની 24 બેઠકો અને જિલ્લા પંચાયતની 5 બેઠકો પર ભાજપનુ જોર

**આપ પાર્ટીને** માત્ર બે સીટો મળી જયારે અપક્ષને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો

**ભાજપના** જીતેલા ઉમેદવારો અને તેમના સાગરિતોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ



(પ્રતિનિધિ) ગરબાડા, તા.28 દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં તાલુકા પંચાયતની ૨૪ બેઠકો તેમજ જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટેની મતગણતરી નવાફળીયા સ્થિત મોડેલ સ્કૂલ ખાતે હાથ ધરવામાં આવી હતી. મતગણતરી પૂર્ણ થતા તાલુકા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ભાજપે ૧૫ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી છે. કોંગ્રેસને ૫ બેઠકો, આમ આદમી પાર્ટીને ૨ બેઠકો અને અપક્ષ ઉમેદવારોને ૨ બેઠકો મળી છે. જ્યારે જિલ્લા પંચાયતની તમામ ૫ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ વિજય મેળવી ક્લીન સ્વીપ કર્યું છે.તાલુકા પંચાયતના પરિણામોએ ગરબાડા તાલુકાની રાજકીય સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. ભાજપે મોટાભાગની બેઠકો કબજે કરી સંગઠનની મજબૂતાઈ દર્શાવી છે, જ્યારે કોંગ્રેસ અને આપને મર્યાદિત સફળતા મળી છે.

બીજી તરફ બે બેઠકો પર અપક્ષ ઉમેદવારોની જીત પણ ચર્ચાનો વિષય બની છે. ગરબાડા તાલુકામાં ભાજપની જીત બાદ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો, જ્યારે અન્ય પક્ષો માટે પરિણામો ચિંતનનો વિષય બન્યા છે.

મંડેર, તારમી અને સિંગાપુર બેઠકો પર AAPએ જીત મેળવી

## સિંગવડ તાલુકા પંચાયતમાં ભાજપનો પ્રચંડ દબદબો: 18માંથી 15 બેઠકો પર કબ્જો

(પ્રતિનિધિ) સિંગવડ, તા.29 દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં તાલુકા તથા જિલ્લા પંચાયતની બેઠકો માટે યોજાયેલી ચૂંટણીની મતગણતરી પૂર્ણ થતાં ભાજપે પ્રભાવી પ્રદર્શન કરીને તાલુકા પંચાયતની કુલ 18માંથી 15 બેઠકો પર વિજય મેળવી સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે. જ્યારે આમ આદમી પાર્ટીએ 3 બેઠકો જીતતા તાલુકા સ્તરે પોતાની હાજરી નોંધાવી છે.

જિલ્લા પંચાયતની સુડીયા, વાલાગોટા અને મેથાણ બેઠકો પર પણ ભાજપે ભવ્ય જીત મેળવી પોતાનો દબદબો યથાવત રાખ્યો છે. સવારના 9 વાગ્યાથી શરૂ થયેલી મતગણતરી દરમિયાન તાલુકાભરમાં રાજકીય ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. હજારો સમર્થકોની ઉપસ્થિતિને કારણે બજારમાં ભારે ભીડ સર્જાઈ હતી, જ્યારે વહીવટી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ મતગણતરી માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો અને ગરમીને ધ્યાનમાં રાખીને પાણી સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પરિણામ જાહેર થતાં ભાજપના સમર્થકોમાં ડીજે અને ઢોલના તાલે ઉજવણીનો માહોલ છવાઈ ગયો હતો. પીપળીયા, વાલાગોટા, છાપરવડ, મછેલાઈ, મેથાણ, પહાડ, પતંગડી, સરજુમી, નાની સંજેલી, સિંગવડ અને સુડીયા સહિતની બેઠકો ભાજપના ફાળે ગઈ હતી. જ્યારે મંડેર, તારમી અને સિંગાપુર બેઠકો પર AAPએ જીત મેળવી હતી.

## ગોધરા નગરપાલિકા ચૂંટણીમાં 44 માંથી 27 બેઠકો સાથે ભાજપનો ભગવો લહેરાયો


(પ્રતિનિધી) ગોધરા તા.28 ગોધરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામો સત્તાવાર રીતે જાહેર થઈ ગયા છે. જેમાં કુલ 44 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીએ 23 બેઠકો પર ચૂંટણી જીતી છે અને અન્ય 4 બેઠકો પર બિનહરીફ વિજય મેળવીને કુલ 27 બેઠકો સાથે પાલિકામાં સત્તા કાયમ રાખી સ્પષ્ટ બહુમતી મેળવી છે. બીજી તરફ આ વખતની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ ભારે જોર પકડ્યું છે અને 17 બેઠકો પર જીત નોંધાવીને નગરપાલિકામાં મજબૂત વિપક્ષ તરીકે ઉભરી આવ્યા છે. સૌથી આશ્ચર્યજનક અને નોંધનીય બાબત એ છે કે આ ચૂંટણીમાં રાષ્ટ્રીય પક્ષ કોંગ્રેસની દૂર-દૂર સુધી કોઈ અસર જોવા મળી નથી અને ગોધરા નગરપાલિકામાં કોંગ્રેસ સંપૂર્ણપણે શૂન્ય પર સમેટાઈ ગઈ છે. ચૂંટણીના વોર્ડવાર આંકડાઓના વિશ્લેષણ પર નજર કરીએ તો, ભાજપે વોર્ડ નંબર 1, 2, 3, 4, 10 અને 11 માં પોતાનું સંપૂર્ણ પ્રભુત્વ જાળવી રાખીને તમામ બેઠકો પર કબજો જમાવ્યો છે.

વોર્ડ નંબર 3, 4 અને 10 માંથી ભાજપના કુલ 4 ઉમેદવારો (શ્રુતિબેન બારીઆ, વર્ષાબેન ઠાકર, રૂચિ ચૌહાણ અને મિતલબેન સોલંકી) અગાઉથી જ બિનહરીફ જાહેર થયા હતા. જોકે, ગોધરાના રાજકારણમાં સૌથી મોટો અને ઐતિહાસિક ઉલટફેર વોર્ડ 6, 7, 8 અને 9 માં જોવા મળ્યો છે. આ ચારેય વોર્ડની તમામ 16 બેઠકો પર સ્થાનિક મતદારોએ પક્ષીય રાજકારણને જાકારો આપીને માત્ર અપક્ષ ઉમેદવારોને જ ખોબલે ને ખોબલે મત આપ્યા છે. આ ઉપરાંત વોર્ડ નંબર 5 ની એક બેઠક પર પણ અપક્ષ ઉમેદવાર જીનલબેન સોનીએ ભાજપની પેનલ તોડીને વિજય મેળવ્યો છે, જેનાથી અપક્ષનો કુલ આંકડો 17 પર પહોંચી ગયો છે.

કાલોલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો દેખાવ અગ્રેસર રહ્યો

## કાલોલ તાલુકા પંચાયતની 24 બેઠકોમાંથી 21 પર ભાજપની જીત, 2 બેઠકો અપક્ષને ફાળે ગઈ

**24માંથી** માત્ર 1 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થતાં સમગ્ર પક્ષમાં વસવસો જોવા મળી રહ્યો હતો



(પ્રતિનિધિ) કાલોલ, તા.28 કાલોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીલ્લા પંચાયતની પાંચ બેઠકો પૈકી કરોલી જીલ્લા પંચાયત બેઠક બીનહરીફ થઈ હતી જ્યાં ચાર બેઠકો માટે આજે મતગણતરી હાથ ધરવામાં આવતા (૧) બાકરોલ મીનાક્ષીબેન વિપુલભાઈ પરમાર, (૨)એરાલ મનિષાબેન જયંતીભાઈ નાયક, (૩)પીગળી મુકેશકુમાર કાળુસિંહ સોલંકી અને (૪)વેજલપુર નીરજકુમાર નિકુંજભાઈ પટેલ આમ પાંચથી પાંચ બેઠકો ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો જ્યારે તાલુકા પંચાયતની 24 બેઠકો પૈકી 6 બેઠકો બિનહરીફ થઈ ગયેલ હતી. બાકીની 18 બેઠકોનું આજરોજ પરિણામ જાહેર થતાં બે બેઠકો અપક્ષને ફાળે ગઈ છે ખડકી બેઠક પરથી અપક્ષના નિર્મલસિંહ ગોહિલ તેમજ મલાવ બેઠક પર અપક્ષ ઉમેદવાર રીનાબેન પટેલ વિજેતા બન્યા છે જ્યારે વેજલપુર બેઠક પરથી કોંગ્રેસના કુળસુમ બીબી કાઠિયા વિજેતા બન્યા છે.બીજેપી ના ગઢમાં ગાબડું વેજલપુર ૨૩ તાલુકા પંચાયત સીટ ઉપર કોંગ્રેસ ઉમેદવાર કુલસુમબીબી સલીમ કઠિયા નો વિજય અગાઉ પણ વેજલપુર ૨૩ તાલુકા પંચાયત સીટ ઉપર અપક્ષ ઉમેદવાર સલીમ કઠિયા જીત હાંસલ કરી હતી કોંગ્રેસે તેમની પત્ની ને ટિકિટ આપી હતી જેઓ વિજેતા બન્યા છે. એમ એમ ગાંધી કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી ત્યારે વિજેતા ઉમેદવારોની જાહેરાત થતા જ તેમના ટેકેદારો અને સમર્થકો દ્વારા ઉમેદવાર ને ફુલ હાર પહેરાવી ડીજે સાથે વિજયી સરઘસ કાઢવામાં આવ્યા હતા. કાલોલ પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ત્રણ બેઠકો બિનહરીફ જીતતા ભાજપનો દબદબો વધુ મજબૂત

## હાલોલ તાલુકા પંચાયતમાં ભાજપનો એકતરફી વિજય: 24માંથી 23 બેઠકો પર કબજો

જિલ્લા પંચાયતની હાલોલ તાલુકાની તમામ 5 બેઠકો પણ ભાજપના ખાતામાં, કોંગ્રેસ ખાતું પણ ન ખોલી શકી

જિલ્લા પંચાયતની તમામ પાંચ બેઠકો પર ભાજપનો વિજય



(પ્રતિનિધિ) હાલોલ, તા.28 26 એપ્રિલે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં હાલોલ તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ વિજય મેળવી કુલ 24માંથી 23 બેઠકો પોતાના ખાતામાં નોંધાવી છે. જ્યારે બાસ્કા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર સાહિસતાબાનું કાદરઅલી મકરાણી વિજેતા બન્યા હતા. ધનસાર, કંજરી અને સાથરોટા બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતા પાર્ટીની સ્થિતિ વધુ મજબૂત બની હતી. જિલ્લા પંચાયતની હાલોલ તાલુકાની કુલ 5 બેઠકો પર પણ ભાજપે સંપૂર્ણ કબજો જમાવ્યો હતો. કંજરી બેઠક પરથી વિણાબેન નાયક, રવાલીયા બેઠક પરથી સોનાલીકાબેન ગોહિલ, તલાવડી બેઠક પરથી વિપુલકુમાર બારીયા, શિવરાજપુર બેઠક પરથી મીનાબેન પરમાર અને તરખંડા બેઠક પરથી મહેન્દ્રસિંહ ચાવડા વિજેતા બન્યા હતા. પરિણામ જાહેર થતાં તાલુકાભરમાં ભાજપ કાર્યકરોમાં આનંદ અને ઉજવણીનો માહોલ છવાઈ ગયો હતો અને સ્થાનિક રાજકારણમાં ભાજપનો દબદબો વધુ મજબૂત બન્યો હોવાનું સ્પષ્ટ થયું છે.